DN: email=mail@realpatidar.com
Date: 2017.01.24 21:00:55 +05'30'

21-Oct-2013

<u>૧. વકફ બોર્ડ એટલે શું?:</u> વકફ બોર્ડ એક એવી સરકારી સંસ્થા છે કે જેની સ્થાપના ભારતની કેન્દ્રીય સરકાર દ્વારા પસાર કરેલ "Wakf Act 1954 (later Wakf Act 1995 )" ના કાયદાની અંતર્ગત થયેલ છે. તે પ્રમાણે દરેક રાજ્ય સ્તરે "વકફ બોર્ડ" નામની સરકારી સંસ્થાઓ છે. આ વ્યવસ્થા પ્રમાણે, જેમ અન્ય રાજ્યો પોતપોતાના વકફ બોર્ડ હોય છે, તે પ્રમાણે ગુજરાત રાજ્યમાં... "ગુજરાત રાજ્ય વકફ બોર્ડ" નામની સરકારી સંસ્થા ઉભી કરવામાં આવેલ છે.

www.realpatidar.com www.realpatidar.com

<u>૨. વકફ બોર્ડનું કામ અને તેના અધિકારો:</u> હવે આગળ વધીએ તો... આ વકફ બોર્ડનું કામ શું છે?... અને તેને કાયદાકીય રીતે કેવા અધિકારો છે? આ વિષયે થોડી વાત સમજી લઈએ. વકફ બોર્ડનું કામ છે કે જે મુસ્લિમ ધાર્મિક સંસ્થાઓ છે, જેવી કે મસ્જીદ, દરગાહ, કાબ્રસ્થાન, ઈમામવાડા, ઇદગાહ... વગેરે વગેરે, કે જે જાહેર જનતાના હિત માટે હોય (જેમ કે Public Trust વગેરે), તેવી સંસ્થાઓની વહીવટ કરવું અને તેની મિલકતોને પોતાના પાસે હસ્તગત કરવી.

આ વકફ બોર્ડને ભારતના કાનુન પ્રમાણે કોઈ પણ મુસ્લિમ ધર્મની મિલકત હોય, તો તેને પોતાના અંતર્ગત લાવવા માટે જરૂરી પગલાઓ લેવાનો પૂરો અધિકાર છે. આ માટે, મિલકતનું વહીવટ કરનાર / સરકારી ઓફિસર / ચેરીટી કમિશ્નર / કલેકટર વગેરે વગેરેનો, મિલકત ટ્રાન્સફર કરવા માટે, ઉપયોગ / સહયોગ / મદદ લઇ શકે છે.

<u>૩. પીરાણા સંસ્થા પર વકફ બોર્ડનો અધિકાર:</u> હવે જોઈએ તો પીરાણા સ્થિત ઈમામ શાહ બાવા રોજા સંસ્થાન ટ્રસ્ટ જેનું ટ્રસ્ટ રજી. ક. ઈ-૭૩૮ છે, (આ સંસ્થાને હવે આપણે ટૂંકમાં "પીરાણા સંસ્થા" તરીકે સંબોધશું) તેના સંદર્ભમાં વકફ બોર્ડ શું કરી રહ્યું છે. હવે આ પીરાણા સંસ્થાનો પાયો જયારે હાઈ કોર્ટે વર્ષ ૧૯૩૯ના ચુકાદા દ્વારા નાખ્યો, ત્યારે તેના મૂળમાંજ દલીલ હતી કે આ સંસ્થા જનતાની સંસ્થા છે અને તેનો કોઈ એક વ્યક્તિ કે એક ગુટ માલિક નથી. તેમાં મળતા દાનો વગેરે એ જાહેર જનતાએ આપેલ છે. આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને પીરાણાની મિલકતની દેખ રેખ માટે તે સમયે હાઈ કોર્ટે એક જાહેર ટ્રસ્ટ (Public Trust) બનવવાનો આદેશ આપેલ હતો. ધ્યાન રહે કે તે સમયમાં વકફ એક્ટ (Wakf Act) કે વકફ બોર્ડ નોહતું.

હવે જયારે ભારત સરકારે વકફ બોર્ડની રચના કરેલ છે અને તેના કામ પ્રમાણે તેને મુસ્લિમ ધર્મની ધાર્મિક મિલકતો પોતાના પાસે હસ્તગત કરવાનું કામ છે, ત્યારે આ વકફ બોર્ડ પોતાનું કામ કરવાનું શરુ કરી દીધું છે. પીરાણાની આ સંસ્થા જે ઈમામ શાહ બાવાની કબરની દેખ રેખ કરે છે, તે ટ્રસ્ટને પોતાના હસ્તગત લાવવા માટે વકફ બોર્ડે ચેરીટી કમિશ્નરને પત્રો લખેલ છે. તેમાંના બે પત્રોની નકલ અહી જોડેલ છે. પહેલો પત્ર તા.૦૮-૧૧-૨૦૧૨નો (Annex 2) છે અને બીજો પત્ર

૨૧-૦૮-૨૦૧૩નો (Annex 1) છે. કાયદાકીય રીતે આ પીરાણા સંસ્થા (ધી ઈમામ શાહ બાવા રોઝા સંસ્થાન ટ્રસ્ટ - રજી ક્ર E-738) એક જાહેર ટ્રસ્ટ (Public Trust) હોવાના કારણે ચેરીટી કમિશ્નરના ફરજમાં આવે છે કે આ ટ્રસ્ટના તમામે તમામ દસ્તાવેજો વકફ બોર્ડને સોંપી દે.

www.realpatidar.com www.realpatidar.com

<u>૪. ગુજરાત હોઈ કોર્ટ - આ વિષય ઉપર:</u> બીજી મહત્વની વાત સમજવા જેવી એ છે કે ગુજરાત હાઈ કોર્ટ (ગુજરાત વડી અદાલત) માં આ વિષય પર એક કેસ (SPECIAL CIVIL APPLICATION NO. 13754 of 2012) ચાલેલ હતો. જેમાં કોર્ટ પાસેથી માંગણી કરવામાં આવેલ હતી કે વકફ બોર્ડને હાઈ કોર્ટ આદેશ આપે કે પીરાણા સંસ્થાની તમામ મિલકતો અને ટ્રસ્ટને પોતાના હસ્તગત કરી લે. પીરાણામાં જાણીતા વકીલ શ્રી S K Patel એ પણ એક પક્ષ તરીકે પોતાના અસીલ (client) શ્રી હરિભાઈ માધા પટેલ તરફથી કેસમાં જોડાયા હતા. (Annex 5)

આ વિષય પર હાઈ કોર્ટમાં ચર્ચા કરવામાં આવેલ હતી. તેમાં વકફ બોર્ડ તરફથી તા. ૦૮-૧૧-૨૦૧૨નો લખેલ પત્ર (Annex 2), જેમાં ચેરીટી કમિશ્નરને પીરાણા સંસ્થાની તમામે તમામ દસ્તાવેજો પોતાના એટલે કે વકફ બોર્ડ પાસે ટ્રાન્સફર કરવાનું કહેલ હતું. એ પત્રની નોંધ હાઈ કોર્ટે લીધી. અને જણાવ્યું કે... કારણ કે વકફ બોર્ડે ચેરીટી કમિશનર પાસેથી ટ્રસ્ટના તમામ દસ્તાવેજો ટ્રાન્સફર કરવાની કાર્યવાહી શરુ કરી દીધી છેજ, હવે કોર્ટને કોઈ વિશેષ આદેશ આપવાની જરૂર જણાતી નથી.

હાઈ કોર્ટનો આખિરી આદેશ (Annex 3) અને વચગાળાના આદેશોની નકલ અહી જોડેલ છે. (Annex 4 to Annex 7)

<u>૫. ગુજરાત હાઈ કોર્ટના આદેશનો ઉપયોગ:</u> વકફ બોર્ડની કાર્યવાહી, એટલે કે પીરાણા સંસ્થાને પોતાના પાસે હસ્તગત કરવાની કાર્યવાહી, ઉપર હાઈ કોર્ટે કોઈ રોક લગાડી નથી. વધુમાં વકફ બોર્ડની આ કાર્યવાહીથી સંતોષ માનીને અલગથી કોઈ બીજો વધારાનો આદેશ પણ આપેલ નથી. સમજવાની વાત એ છે કે જો હાઈ કોર્ટને આ કાર્યવાહીમાં કોઈ ગેર-રીત દેખાઈ હોત તો આ કાર્યવાહી પર રોક લગાડાત યા ફેરફાર સૂચવત. વધારેમાં આપણા સતપંથમાં જાણીતા વકીલ શ્રી S K Patel પણ જરૂર વિરોધ કરત અને કોર્ટને તેના વ્યાજબી વિરોધને ધ્યાનમાં લેવું પડત. પણ આવું કઈ થયું નથી.

**<u>હાઈ કોર્ટનો આખિરી નિર્ણય:</u> હાઈ કોર્ટના આ આદેશનો સહારો લઇને અને આદેશને ટાંકીને વકફ બોર્ડે ચેરીટી કમિશ્નરને તા. ૨૧-૦૮-૨૦૧૩ના એક પત્ર લખ્યો છે. તે પત્રમાં લખ્યું છે કે "... ગુજરાત વડી અદાલતના તા.૧૮-૦૬-૨૦૧૩ના હુકુમે અન્વયે આ વકફ તાત્કાલિક અસરથી ગુજરાત રાજ્ય વકફ બોર્ડમાં તબદીલ કરવા આદેશ થયેલ છે. (નકલ શામેલ છે.) ..." અને વધુમાં**

ટ્રસ્ટના તમામે તમામ દસ્તાવેજોને વકફ બોર્ડને આપી દેવા કહેલ છે. આ પત્રની નકલ પણ અહી જોડેલ છે. **(Annex 1)**.

www.realpatidar.com www.realpatidar.com

**૬. હમણા સુધીનો સાર:** હમણા સુધી મળેલ માહિતીઓ પરથી એમ કહી શકાય કે... આનો સીધો અર્થ એમ થાય છે કે વકફ બોર્ડની જે કાર્યવાહી છે તે કાયદાકીય રીતે બરાબર છે અને પીરાણાની સંસ્થા એટલે કે ધી ઈમામ શાહ બાવા રોજા સંસ્થાન ટ્રસ્ટ - રજી ક્ર ઈ-૭૩૮ ની તમામ મિલકતો અને આવક જાવક પર નિયંત્રણ વકફ બોર્ડ પાસે જતો રહેશે.

**૭. આગામી અસર:** અત્યારે તો એક વાત નક્કી થાય છે કે સમય જતા જેમ વકફ બોર્ડની કાર્યવાહી પૂરી થઇ જશે તેમ પીરાણા સંસ્થાની મિલકતો અને તેની આવક જાવક ઉપરનું તમામ નિયંત્રણ વકફ બોર્ડ પાસે ચાલ્યું જશે. ભલે આને રોકવા માટે કોર્ટ કેસો થાય. પણ કેન્દ્રિય સરકારે જે કાયદાઓ પાસ કરેલ છે તે પ્રમાણે આ ટ્રાન્સફર એક દિવસ તો થઈનેજ રહેશે. એટલે કે ભવિષ્યમાં દસોન્દ / વિસોન્દ / ભેટો / સોગાદો વગેરે જે ઈમામ શાહને શ્રદ્ધાથી આપવામાં આવશે તે વકફ બોર્ડમાંજ જમા થશે. અને જો અન્ય જગ્યાએ દસોન્દ વગેરે આપશો તો તે ઈમામશાહ સુધી ક્યારેય નહિ પોહ્ન્ચે. ભવિષ્યમાં ઈમામ શાહના નામે વકફ બોર્ડ શિવાય કોઈ અન્ય દસોન્દ વગેરે લેશે તો તે લોકો સાથે છેતરામણી કરશે તે નક્કી છે અને પાપના ભાગીદાર બનશે.

**૮. સમય ઓળખીને સમજવા જેવી વાત:** સમયને ઓળખીને પગલાં જે કોઈ લે એજ હોશિયાર કહેવાય. અમુક લોકોએ આવનાર સમયને વહેલાજ ઓળખી લોધો અને સતપંથ મુસ્લિમ ધર્મ છે તે સમજી ગયા. જે લોકો રહી ગયા છે, તે લોકો હજી પણ સમયને ઓળખી લે. કારણ કે હવે જયારે પીરાણાની સંસ્થા વકફ બોર્ડમાં ચાલી જશે ત્યારે બધાને ખબર પડી જશે કે સતપંથ ધર્મ એ એક મુસલમાન ધર્મ છે. જો તમને મુસલમાન બનીને રહેવું હોય તો તમને અમારી શુભેચ્છાઓ. પણ જો હિંદુ બનીને રહેવું હોય તો સમયની માંગ છે કે વહેલી તકે સતપંથ ધર્મને છોડી દેવામાંજ હોશિયારી છે. બાકી સૌની પોત પોતાની ઈચ્છા.

---

આ લેખ અને જણાવેલ સંદર્ભના બધાજ દસ્તાવેજોને તમે અહીથી ડાઉનલોડ / પ્રિન્ટ કરી શકશો:
https://app.box.com/s/pwgizq4fq7oq9b8whi3h

---

લી.

રીયલ પાટીદાર

Annex 1

# ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ

www.realpatidar.com
www.realpatidar.com

**Established under the Wakf Act, 1995**
**Constituted by the Government of Gujarat**
**under Wakf Act, 1995 (Central Act - 43 of 95)**

જી.એચ.ખાન, જી.એ.એસ.
મુખ્ય કારોબારી અધિકારી

જા. નં ૧૬૭૧/૧૩

ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર – ૮, ભોયતળીયે,
ગાંધીનગર.
તા.૩૧–૦૮–૨૦૧૩.

---

પ્રતિ,
ચેરીટી કમિશ્નરશ્રી,
જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી,
મિરઝાપુર રોડ, દીનબાઈ ટાવર રોડ,
મિરઝાપુર, અમદાવાદ.

વિષય:– ઈમામશાહ બાવા રોઝા ટ્રસ્ટ, પીરાણા, ઈ– ૭૩૮ અમદાવાદ.
સંદર્ભ :– નામદાર ગુજરાત વડી અદાલતના સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૧૩૭૫૪/૨૦૧૩ માં તા.૧૮–૦૬–૨૦૧૩ ના હુકમ અન્વયે.

ઉપરોક્ત વિષય સંદર્ભે આજ્ઞાનુસાર જણાવવાનું કે ઈમામશાહ બાવા રોઝા ટ્રસ્ટ, પીરાણા ઈ– ૭૩૮ અમદાવાદથી આપના હસ્તક નોંધાયેલ વક્ફ ટ્રસ્ટ (વક્ફ) છે અને આપના દ્વારા સદરહુ ટ્રસ્ટની દેખરેખ અને સંચાલન કરવામાં આવી રહેલ છે. સંદર્ભવાળા પત્રથી નામદાર ગુજરાત વડી અદાલતના તા.૧૮–૦૬–૨૦૧૩ ના હુકમે અન્વયે આ વક્ફ તાત્કાલીક અસરથી ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડમાં તબ્દીલ કરવા આદેશ થયેલ છે.(નકલ સામેલ છે.) સબબ ઉક્ત સંસ્થાનો નોંધણીથી આજ દીન સુધીનો તમામ રેકર્ડ, પીટીઆરની નકલ, હિસાબોની નકલ વિગેરે તાત્કાલીક અત્રેની કચેરીમાં તબ્દીલ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(signature)

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ
ગાંધીનગર

બિડાણ ઉપર મુજબ:–

નકલ સવિનય રવાના:–
(૧) નાયબ સચિવશ્રી(કાયદા વિભાગ), સચિવાલય તરફ જાણ સારૂ.
નકલ રવાના:–
(૨)શ્રી અઝહર એમ. સૈયદ, અરજદારશ્રી
ઈમામશાહી સાદાત કમિટી, મુ– પો– પીરાણા,
તા. દસક્રોઈ, જી– અમદાવાદ. તરફ આપની તા.૨૯/૦૬/૨૦૧૩ ની અરજી તેમજ નામદાર હાઈ કોર્ટ અમદાવાદના તા.૨૭/૦૬/૨૦૧૩ ના આદેશ અન્વયે જાણ સારૂ.

# ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

www.realpatidar.com

**Established under the Wakf Act, 1995**

Annex 2

**Constituted by the Government of Gujarat**
**under Wakf Act, 1995 (Central Act - 43 of 95)**

નં.ગુ.રા.વ.બો./ ૭૩૮-૬૧૨૨
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ
ડૉ.જીવરાજ મહેતા ભવન
બ્લોક નંબર ૮,
ગાંધીનગર.

**જી. એચ. ખાન,** જી.એ.એસ.
મુખ્ય કારોબારી અધિકારી

તા. ૮/૧૨/૨૦૧૫

પ્રતિ,
ચેરીટી કમિશ્નરશ્રી,
જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી,
મિરઝાપુર, અમદાવાદ.

વિષય:- ઈમામ શાહબાવા રોજા સંસ્થા ટ્રસ્ટ, ઈ-૭૩૮ મુ-પો-
પીરાણા,તા.દસ્ક્રોઈ, જી- અમદાવાદ.
સંદર્ભ:- ઈમામશાહ બાવાના ટ્રસ્ટીઓના તા.૨૬-૦૭-૨૦૧૨ ના રોજ અધ્યક્ષશ્રી,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરને સંબોધીને મોકલેલ પત્ર

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે ઈમામ શાહ બાવા રોજ સંસ્થા રજી. નં. ઈ -૭૩૮ અમદાવાદથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધણી કરવામાં આવેલ વકફ સંસ્થા છે. આ સંસ્થા ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની રચના થતા વકફ બોર્ડમાં તબ્દીલ થઈને આવેલ નથી.

ઉક્ત સંસ્થાને ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરને તબ્દીલ કરવા માટે (૧) શ્રી અઝહર એમ. સૈયદની (૨) શ્રી નકીલ હુસેન એન. સૈયદ અને અન્યોએ લેખીત રજુઆત કરેલ છે. જે અત્રેની કચેરીના તા.૨૩-૦૭-૨૦૧૨ આવક નં. ૨૨૮૫ થી નોંધણી કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે.) આ ટ્રસ્ટ અને આવા બીજા તમામ ટ્રસ્ટો વકફ અધિનિયમ ૧૯૯૫ અન્વયે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરને તબ્દીલ થવા કાયદાનુસાર જરૂરી હોઈ આવા તમામ વકફો ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,ગાંધીનગરને તબ્દીલ કરવા વિનંતી છે.

માત્ર ઈમામ શાહ બાવા ટ્રસ્ટ નહિ, પણ તમામ મુસલમાન ટ્રસ્ટોની તબદીલી કરવી

આપનો વિશ્વાસુ,

બિડાણ :- ઉપર મુજબ

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ:-
૧. શ્રી એ. એલ . વ્યાસ, નાયબ સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
૨. શ્રી અઝહર એમ. સૈયદ/શ્રી નકીલહુસેન અને સૈયદ, રહે:- પીરાણા, તા.દસ્ક્રોઈ, જી- અમદાવાદ તરફ આપની તારીખ વગરની અરજી અન્વયે જાણ સારૂ.

Annex 3.1

**IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD**

www.realpatidar.com www.realpatidar.com

**SPECIAL CIVIL APPLICATION NO. 13754 of 2012**

================================================================

AZHAR M SAIYED & 1....Petitioner(s)

Versus

GUJARAT STATE WAKF BOARD THRO CHAIRMAN & 1....Respondent(s)

================================================================

Appearance:

MR MTM HAKIM, ADVOCATE for the Petitioner(s) No. 1 - 2

MR LR PATHAN, ADVOCATE for the Respondent(s) No. 1

MS KRINA P CALLA, ADVOCATE for the Respondent(s) No. 2

================================================================

CORAM: **HONOURABLE MR.JUSTICE ANANT S. DAVE**

**Date : 18/06/2013**

**ORAL ORDER**

The petitioner has filed this petition under Article 226 of the Constitution of India, with the following main prayers:

"[A] This Hon'ble Court may be pleased to direct the respondent Gujarat State Wakf Board to appreciate, consider and decide the petitioners' applications made since year 2003 and onwards and pass necessary orders as required under the provisions of the Wakf Act, 1995 and the Bombay Public Trusts Act, 1950.

[B] Pending admission hearing and till final disposal of present petition, this Hon'ble Court may be pleased to direct the respondent Gujarat State Wakf Board to appreciate and consider the applications made by the petitioners and others since the year 2003 and onwards and pass necessary orders as required under the provisions of the Wakf Act, 1995 and the Bombay Public Trusts Act, 1950".

2. It is not in dispute that during the pendency of the petition, Gujarat State Wakf Board addressed a communication dated 08.11.2012 to the Charity Commissioner stating that petitioner No.1 and one Shri Nakil Hussain and other persons made



Archived by: www.realpatidar.com/library
mail@realpatidar.com

Annex 3.2

submissions on 23.07.2012, which were recorded and registered. That Chief Executive Officer of Wakf Board, Gujarat State has requested to transfer Imam Shahbabva Roja Sanstha Trust and similar other trusts to the Gujarat State Wakf Board, Gandhinagar.

www.realpatidar.com www.realpatidar.com

3. In view of the above, the prayer made by the petitioners in this petition, does not survive and accordingly this petition stands disposed of.

Notice discharged.

Interim relief, if any, granted earlier stands vacated forthwith.

No order as to costs.

**(ANANT S.DAVE, J.)**

pvv

सत्यमेव जयते
THE HIGH COURT OF GUJARAT
WEB COPY

Annex 4

**IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD**

www.realpatidar.com www.realpatidar.com

**SPECIAL CIVIL APPLICATION NO. 13754 of 2012**

================================================================

AZHAR M SAIYED & 1....Petitioner(s)

Versus

GUJARAT STATE WAKF BOARD THRO CHAIRMAN & 1....Respondent(s)

================================================================

Appearance:

MR MTM HAKIM, ADVOCATE for the Petitioner(s) No. 1 - 2

MR LR PATHAN, ADVOCATE for the Respondent(s) No. 1

MS KRINA P CALLA, ADVOCATE for the Respondent(s) No. 2

================================================================

CORAM: **HONOURABLE MR.JUSTICE RAJESH H.SHUKLA**

**Date : 24/04/2013**

**ORAL ORDER**

Learned advocate Shri SK Patel has stated that he has filed Civil Application St. No. 4509 of 2013 for joining party in the present proceedings. Therefore, Civil Application St. 4509 of 2013 may be placed along with this Special Civil Application on board on 29.4.2013.

THE HIGH COURT OF GUJARAT WEB COPY

**(RAJESH H.SHUKLA, J.)**

(hn)



Archived by: www.realpatidar.com/library
mail@realpatidar.com

Annex 5

## IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD

www.realpatidar.com www.realpatidar.com

## SPECIAL CIVIL APPLICATION NO. 13754 of 2012

================================================================

AZHAR M SAIYED & 1....Petitioner(s)

Versus

GUJARAT STATE WAKF BOARD THRO CHAIRMAN & 1....Respondent(s)

================================================================

Appearance:

MR MTM HAKIM, ADVOCATE for the Petitioner(s) No. 1 - 2

MR LR PATHAN, ADVOCATE for the Respondent(s) No. 1

MS KRINA P CALLA, ADVOCATE for the Respondent(s) No. 2

================================================================

CORAM: **HONOURABLE MR.JUSTICE RAJESH H.SHUKLA**

**Date : 03/04/2013**

**ORAL ORDER**

A request is made by learned advocate Mr. S. K. Patel that this matter may be adjourned, as he desires to file an application for joining party, for the client he represents. Learned advocate Mr.Pathan has no objection. S.O. to **24.04.2013**.

THE HIGH COURT OF GUJARAT WEB COPY

**(RAJESH H.SHUKLA, J.)**

drashti



Archived by: www.realpatidar.com/library
mail@realpatidar.com

IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD

Annex 6

SPECIAL CIVIL APPLICATION No. 13754 of 2012

www.realpatidar.com www.realpatidar.com

AZHAR M SAIYED & 1 - Petitioner(s)
Versus
GUJARAT STATE WAKF BOARD THRO CHAIRMAN - Respondent(s)

**Appearance :**
MR MTM HAKIM for Petitioner(s) : 1 - 2.
NOTICE SERVED BY DS for Respondent(s) : 1,

**CORAM : HONOURABLE MR.JUSTICE K.M.THAKER**

**Date : 05/11/2012**

**ORAL ORDER**

1. Heard Mr.Hakim, learned advocate for the petitioner. He has orally requested for permission to amend the petition / cause title of the petition so as to implead the Charity Commissioner as respondent No.2.

2. Request as prayed for is granted. Amendment to be carried out forthwith. The petitioner is permitted to implead the Charity Commissioner as respondent No.2. After amendment is carried out, **NOTICE** to newly added respondent No.2 may be issued making it returnable on next date of hearing.

3. It is informed that Mr.Pathan, learned advocate for respondent No.1, has filed leave note. Therefore, hearing is adjourned to 29.11.2012.

4. Direct Service of process so as to serve the newly added respondent No.2, is granted.

**(K.M. Thaker, J.)**

Bharat*



Archived by: www.realpatidar.com/library
mail@realpatidar.com

**IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD**

Annex 7

**SPECIAL CIVIL APPLICATION No. 13754 of 2012**

www.realpatidar.com www.realpatidar.com

=========================================================

**AZHAR M SAIYED & 1 - Petitioner(s)**

**Versus**

**GUJARAT STATE WAKF BOARD THRO CHAIRMAN - Respondent(s)**

=========================================================

**Appearance :**

MR MTM HAKIM for Petitioner(s) : 1 - 2.
None for Respondent(s) : 1,

=========================================================

**CORAM : HONOURABLE MR.JUSTICE K.M.THAKER**

**Date : 12/10/2012**

**ORAL ORDER**

***Notice*** returnable on ***30.10.2012.*** Direct service is permitted.

***(K.M.THAKER,J.)***

Suresh*

सत्यमेव जयते
THE HIGH COURT OF GUJARAT
WEB COPY



Archived by: www.realpatidar.com/library
mail@realpatidar.com